# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-08-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## ખેલો ઇન્ડિયા સંવાદ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે સરકાર, 21મી સદીના ભારત માટે આધુનિક રમતગમત વ્યવસ્થા તૈયાર કરવા માટે કટિબદ્ધ છે. શ્રી મોદીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી 'ખેલો ઇન્ડિયા સંવાદ' કાર્યક્રમને સંબોધતા કહ્યું કે સ્પોર્ટ્સ યુનિવર્સિટીઓથી લઈને આધુનિક ટ્રેનિંગ સેન્ટરો સુધી, દેશભરમાં એવું રમતગમત આંતરમાળખું વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં ખેલાડીઓની પ્રતિભાને દરેક સ્તરે સહયોગ મળે.

**------------------------------------------------------------------------------------------**

## ગુજરાત વિદ્યાપીઠ પદવીદાન સમારોહ

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ભાર મૂક્યો કે મહાત્મા ગાંધીની ફિલોસોફી કાલાતીત, સુસંગત અને માનવ કલ્યાણ માટે સમર્પિત છે. ગઇકાલે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના 72મા પદવીદાન સમારોહ દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધતા, શ્રી શાહે યુવાનોને 2047 સુધીમાં રાષ્ટ્રીય પુનર્નિર્માણમાં સક્રિયપણે ભાગ લેવા હાકલ કરી.

**------------------------------------------------------------------------------------------**

## મહિલા ધારાસભ્યોને ભેટ

રક્ષાબંધન પહેલા રાજ્યના મહિલા ધારાસભ્યોને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસલક્ષી ભેટ આપી છે. તે અંતર્ગત મતવિસ્તારના રોડ રસ્તાના કામો માટે 14 મહિલા જનપ્રતિનિધિઓને કુલ 28 કરોડ રૂપિયા ફાળવાશે. રાજ્ય વિધાનસભામાં જનપ્રતિનિધિત્વ કરતાં શહેરી ક્ષેત્રના નવ અને ગ્રામ્ય વિસ્તારના પાંચ મળી કુલ 14 મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને 2 કરોડ રૂપિયાની વિકાસલક્ષી ગ્રાન્ટ મળશે. આ નિર્ણયના પરિણામે મહિલા ધારાસભ્યોના મત ક્ષેત્રોમાં કનેક્ટિવિટી વધુ સરળ બનશે.

---

<u>રક્ષાબંધ તહેવાર</u>

આજે ભાઇ-બહેનના પવિત્ર પ્રેમ, મમતા અને સ્નેહના તહેવાર એવા રક્ષાબંધનની ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવણી થાય છે. આજે શ્રાવણી પુનમ છે. આજે બહેન ભાઇના કાંડે રાખડી બાંધી તેના દિર્ધાયુની મનોકામના કરશે. દરમ્યાન રક્ષાબંધન ના તેહવાર નિમિતે બજારોમાં રાખડી અને મીઠાઇ ખરીદવા મોટી સંખ્યામાં બહેનો ઉમટી પડી હતી.

આજે બળેવનું પર્વ છે. ભૂદેવો આજે યઞ્નોપવિત બદલવાની વિધિ કરે છે. ભુજ અને અન્ય સ્થળોએ ગાયત્રી મંદિરોમાં અને અન્ય સ્થળે સમૂહ જનોઈ બદલવાના કાર્યક્રમો યોજાય છે. આજે નાળિયેરી પૂનમના દરિયા દેવનું પૂજન કરવામાં આવે છે, એ સાથે માછીમારો માછીમારી સિઝનનો આરંભ કરે છે.

---

<u>BSF રક્ષાબંધનની ઉજવણી</u>

ભારતીય સરહદ પર દેશની સુરક્ષા કરતા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) ના જવાનો માટે વાયોર પોલીસ સ્ટેશન દ્વારા રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ગઇકાલે સાંજે ચાર કલાકે કરમટા સાઉથ બીએસએફ કેમ્પના પટાંગણમાં યોજાયો હતો. દેશની રક્ષા કાજે પરિવારથી દૂર રહેતા જવાનોને બહેનો અને વિદ્યાર્થીનીઓએ રાખડી બાંધીને મોઢું મીઠું કરાવ્યું હતું. આ ઉજવણીનો મુખ્ય હેતુ સરહદ પર તૈનાત જવાનોનો ઉત્સાહ વધારવાનો અને તેમને ઘરની ખોટ સાલવા ન દેવાનો હતો. “એક રાખી, એક વિશ્વાસ, એક વચન – દેશની સુરક્ષા માટે” ના સંદેશ સાથે સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને સ્નેહથી ગૂંજી ઉઠ્યું હતું.

**------------------------------------------------------------------------------------------**

## શિક્ષણમંત્રીની કચ્છ મુલાકાત

લખપત તાલુકાની એક દિવસીય મુલાકાતે આવેલા રાજ્યના ઉચ્ચ શિક્ષણ ટેકનિકલ વિભાગના શિક્ષણમંત્રી ત્રિકમભાઇ છાંગાએ દયાપર ખાતે પાણી પુરવઠાના અધિકારીઓ સાથે બેઠક યોજી પાણી અને ઘાસચારાની સ્થિતિ વિશે સમીક્ષા કરી હતી.

અધિકારીઓને અપૂરતા આવતા પાણી અંગે ઉચ્ચ કક્ષાએ ધ્યાન દોરવા તેમજ પૂરતા પ્રમાણમાં પાણી આપવા સુચના આપી હતી. તાલુકા મામલતદારને પૂરતા પ્રમાણમાં પશુપાલકોને ઘાસચારો મળી રહે તે માટે કલેકટરનું ધ્યાન દોરવા જણાવ્યું હતું.

**------------------------------------------------------------------------------------------**

## ભુજ – પાલનપુર એસટી બસ

કચ્છથી ઉત્તર ગુજરાત જવા માગતા પ્રવાસીઓ માટે નવી લકઝરી બસ સેવાનો આરંભ કરાયો છે.અગાઉ માત્ર ભુજ-પાલનપુર વચ્ચે જ એસી લકઝરી બસ દોડતી હતી હવે તેમાં વધારો કરાયો છે. ભુજથી ખેડબ્રહ્મા અને ભુજથી વિસનગર વચ્ચે નવી એસી લકઝરી બસ સેવાનો આરંભ કરાયો છે. ધારાસભ્ય કેશુભાઈ પટેલે રીબીન કાપી પ્રવાસીઓ સાથે સંવાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, પ્રવાસીઓની સુવિધા માટે આગામી દિવસોમાં વધુ બસો શરૂ કરવામાં આવશે. આ પ્રસંગે એસટીના વિભાગીય નિયામક એન.એસ.પટેલ, ભુજ નગરપાલિકા પ્રમુખ શીતલભાઈ શાહ, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી સહિતના હાજર રહ્યા હતા.

------------------------------------------------------------------------------------

## <u>સુખપર ડેન્ગ્યૂ આરોગ્ય લક્ષી કામગીરી</u>

ભુજ તાલુકાના સુખપર ખાતે ડેન્ગ્યુ તથા H1N1ના કેસ નોંધાતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુખપરની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં આરોગ્યલક્ષી કામગીરી હાથ ધરાઈ હતી.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં ઘર-ઘર મુલાકાત લઈ ડેન્ગ્યુ અને H1N1 અંગે સર્વેલન્સ હાથ ધર્યું હતું. કેસની માહિતી એકત્રિત કરવા ઉપરાંત સંપર્કમાં આવેલા વ્યક્તિઓની તપાસ, તાવના દર્દીઓની ઓળખ તથા જરૂરી આરોગ્યલક્ષી માર્ગદર્શન અપાયું હતું. ડેન્ગ્યુના નિયંત્રણ માટે વિસ્તારમાં મચ્છરના ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરાઈ હતી. પાણીના પાત્રો સહિત સંભવિત સ્થળોની ચકાસણી કરી સોર્સ રિડક્શનની કામગીરી હાથ ધરાઈ હતી. લોકોને મચ્છરજન્ય રોગોથી બચવા જરૂરી તકેદારી રાખવા આરોગ્ય શિક્ષણ અપાયું હતું. આ કામગીરીનો હેતુ ડેન્ગ્યુ તથા H1N1ના વધુ ફેલાવાને અટકાવવાનો, વહેલી તકે

કેસોની ઓળખ કરવાનો અને અસરકારક રોગ નિયંત્રણ કામગીરી સુનિશ્ચિત કરવાનો હતો.

---------------------------------------------------------------------------------------------